**Ahmedabad Mirror, Ahmedabad, 18/07/2026**

Page No: 5, Size: 15.93cm × 12.12cm



# 80-m-long steel bridge for Bullet train project

As part of the Mumbai-Ahmedabad Bullet Train project, an 80-metre-long steel bridge was installed over the Anupam Flyover in Ahmedabad on Friday. The 1,004-metric-tonne 'Make in India' bridge was installed using hydraulic jacks.

# BRIDGE OVER ANUPAM FLYOVER LAUNCHED



An 80-metre-long steel bridge over the Anupam flyover was launched successfully on Friday as part of the Mumbai-Ahmedabad bullet train project. The bridge weighs 1,004 metric tonnes and measures 14 metres in height and 14.4 metres in width. Of the 17 steel bridges planned for the bullet train project in Gujarat, 15 have now been completed

NHSRCL
National High Speed Rail Corporation Ltd.

**Virat Vaibhav, Delhi, 18/07/2026**

**Page No: 12, Size: 10.50cm × 20.64cm**

# अहमदाबाद में स्टील पुल का शुभारंभ किया गया



**वैभव न्यूज ■ अहमदाबाद**

मुंबई-अहमदाबाद बुलेट ट्रेन परियोजना ने अहमदाबाद में अनुपम फ्लाईओवर (रेलवे ओवरब्रिज) पर 80 मीटर लंबे मेक इन इंडिया स्टील पुल के सफल शुभारंभ के साथ एक और महत्वपूर्ण इंजीनियरिंग उपलब्धि हासिल की है। पश्चिमी रेलवे की अहमदाबाद-मुंबई मुख्य लाइन (साबरमती-वटवा खंड) पर निर्मित अनुपम फ्लाईओवर (रेलवे ओवरब्रिज) खोखरा अपैरल पार्क मेट्रो स्टेशन और कांकरिया झील को जोड़ने वाला एक महत्वपूर्ण सड़क मार्ग है। बुलेट ट्रेन का पुल इसी रेलवे लाइन के समानांतर चलता है। अहमदाबाद जिले में बुलेट ट्रेन पुल का निर्माण मुख्य रूप से स्पैन-बाय-स्पैन निर्माण विधि का उपयोग करके किया जा रहा है, जिसमें सामान्य स्पैन की लंबाई 30 से 50 मीटर तक होती है। हालांकि, अनुपम फ्लाईओवर क्रॉसिंग पर, खंभों को मौजूदा फ्लाईओवर के दोनों ओर स्थापित करना पड़ा, जिसके लिए 80 मीटर की लंबी स्पैन की आवश्यकता पड़ी। 1,004 मीट्रिक टन वजनी, 14 मीटर ऊंचा, और 14.4 मीटर चौड़ा यह इस्पात पुल महाराष्ट्र के वर्धा (नागपुर) स्थित जेटवर्क की विनिर्माण इकाई में निर्मित किया गया और निर्माण स्थल पर पहुंचाया गया। पुल की असेंबली और लॉन्चिंग को सुगम बनाने के लिए 10.8 मीटर बाय 140 मीटर माप का लगभग 1,110 मीट्रिक टन वजनी एक विशेष रूप से डिजाइन किया गया अस्थायी लॉन्चिंग ढांचा तैयार किया गया था। पुल को जमीन से लगभग 18 मीटर ऊपर अस्थायी ट्रस पर 18 स्किड व्यवस्थाओं और 35,602 टॉर-शियर टाइप हाई स्ट्रेंथ बोल्टों का उपयोग करके असेंबल किया गया, जिससे उच्च संरचनात्मक अखंडता सुनिश्चित हुई।

Sandesh, Ahmedabad, 18/07/2026
Page No: 4, Size: 20.74cm × 11.91cm

80-meter-long steel bridge installed on Anupam flyover

# અનુપમ ફ્લાયઓવર પર ૮૦ મીટર લાંબો સ્ટીલ બ્રિજ ગોઠવાયો

અમદાવાદ : મુંબઈ-અમદાવાદ બુલેટ ટ્રેન પ્રોજેક્ટે અમદાવાદમાં વ્યસ્ત રેલવે ઓવર બ્રિજ પર ૮૦ મીટર લાંબો સ્ટીલ બ્રિજ લોન્ચ કરાયો છે. સાબરમતી-વટવા રેલવે સેક્શન પર આવેલા મહત્વપૂર્ણ અનુપમ ફ્લાયઓવર પર આ કામગીરી સફળતાપૂર્વક પૂર્ણ કરાઈ છે. આ રોડ લિંક ખોખરા એપેરલ પાર્ક અને કાંકરિયા તળાવને જોડે છે. બુલેટ ટ્રેનના આ રૂટ પર સામાન્ય સ્પાન ૩૦ થી ૫૦ મીટરના હોય છે, પરંતુ હયાત ફ્લાયઓવરની બંને બાજુ જ પિલર ઊભા કરવાના હોવાથી અહીં ૮૦ મીટર લાંબા વિશેષ ગાળાની જરૂરિયાત ઊભી થઈ હતી. ૧૪ મીટર ઊંચાઈ અને ૧,૦૦૪ મેટ્રિક ટન વજન ધરાવતો આ વિશાળ સ્ટીલ બ્રિજ મહારાષ્ટ્રના નાગપુર (વર્ધા) ખાતે ખાસ તૈયાર કરીને રોડ માર્ગે અમદાવાદ લવાયો હતો. જમીનથી આશરે ૧૮ મીટરની ઊંચાઈએ આ બ્રિજને એસેમ્બલ કરવા ૩૫,૬૦૨ હાઈ સ્ટ્રેન્થ બોલ્ટ, વિશેષ પેઈન્ટિંગ અને ઈ લાસ્ટોમેરિક બેરિંગ્સનો ઉપયોગ કરાયો છે.

NHSRCL
National High Speed Rail Corporation Ltd.

**Deshbandhu, Delhi, 18/07/2026**

**Page No: 2, Size: 7.88cm × 16.19cm**

# मुंबई-अहमदाबाद बुलेट ट्रेन परियोजना के लिए स्टील पुल का शुभारंभ

**अहमदाबाद।** मुंबई-अहमदाबाद बुलेट ट्रेन परियोजना ने अहमदाबाद में अनुपम फ्लाईओवर (रेलवे ओवरब्रिज) पर 80 मीटर लंबे 'मेक इन इंडिया' स्टील पुल के सफल शुभारंभ के साथ एक और महत्वपूर्ण इंजीनियरिंग उपलब्धि हासिल की है। पश्चिमी रेलवे की अहमदाबाद-मुंबई मुख्य लाइन (साबरमती-वटवा खंड) पर निर्मित अनुपम फ्लाईओवर (रेलवे ओवरब्रिज) खोखरा अपैरल पार्क मेट्रो स्टेशन और कांकरिया झील को जोड़ने वाला एक महत्वपूर्ण सड़क मार्ग है। बुलेट ट्रेन का पुल इसी रेलवे लाइन के समानांतर चलता है। अहमदाबाद जिले में बुलेट ट्रेन पुल का निर्माण मुख्य रूप से स्पैन-बाय-स्पैन (एसबीएस) निर्माण विधि का उपयोग करके किया जा रहा है, जिसमें सामान्य स्पैन की लंबाई 30 से 50 मीटर तक होती है।


**Challenger, Ahmedabad, 18/07/2026**
Page No: 3, Size: 21.22cm × 17.09cm

## Steel bridge launched on railway road over bridge for bullet train

# બુલેટ ટ્રેન માટે રેલવે રોડ ઓવર બ્રિજ પર સ્ટીલ બ્રિજ લોન્ચ કરાયો

ચેલેન્જર, અમદાવાદ

અમદાવાદમાં અનુપમ ફ્લાયઓવર (રેલવે ઓવર બ્રિજ) પર ૮૦ મીટર લાંબા 'મેક ઇન ઇન્ડિયા' સ્ટીલ બ્રિજના સફળ લોન્ચિંગ સાથે મુંબઈ-અમદાવાદ બુલેટ ટ્રેન પ્રોજેક્ટે વધુ એક નોંધપાત્ર એન્જિનિયરિંગ સીમાચિહ્ન હાંસલ કર્યું છે.પશ્ચિમ રેલવે (સાબરમતી-વટવા વિભાગ)ની અમદાવાદ-મુંબઈ મુખ્ય લાઇન પર બાંધવામાં આવેલ અનુપમ ફ્લાયઓવર (રેલવે ઓવર બ્રિજ), ખોખરા એપેરલ પાર્ક મેટ્રો



સ્ટેશન અને કાંકરિયા તળાવને જોડતી એક મહત્વપૂર્ણ રોડ લિંક છે. બુલેટ ટ્રેન વાયાડક્ટ આ રેલવે લાઇનની સમાંતર ચાલે છે.

# 1004 ton steel bridge installed in Bullet Train Ahmedabad

## બુલેટ ટ્રેન • અમદાવાદમાં 1004 ટનનો સ્ટીલ બ્રિજ પ્રસ્થાપિત કરાયો



મુંબઈ-અમદાવાદ બુલેટ ટ્રેન પ્રોજેક્ટે અમદાવાદમાં વધુ એક મહત્ત્વપૂર્ણ એન્જિનિયરિંગ સિદ્ધિ હાંસલ કરી છે. ખોખરા એપેરલ પાર્ક અને કાંકરિયાને જોડતા અનુપમ ફ્લાયઓવર (રેલવે ઓવર બ્રિજ) પર 80 મીટર લાંબા અને 1,004 મેટ્રિક ટન વજનના 'મેક ઈન ઈન્ડિયા' સ્ટીલ બ્રિજનું સફળ લોન્ચિંગ કરવામાં આવ્યું છે. મહારાષ્ટ્રના વર્ધા ખાતે નિર્મિત આ બ્રિજને એસેમ્બલ કરવા 35,602 હાઈ-સ્ટ્રેન્થ બોલ્ટ અને 1,110 મેટ્રિક ટનની ખાસ લોન્ચિંગ વ્યવસ્થાનો ઉપયોગ કરાયો હતો. અમદાવાદમાં 6 સ્ટીલ બ્રિજ બનવાના છે જેમાંથી 4 બની ગયા છે.

# 1004 ton steel bridge launched on Anupam flyover


### અમદાવાદ-મુંબઈ બૂલેટ ટ્રેન પ્રોજેક્ટ હેઠળ

## અનુપમ ફ્લાયઓવર ઉપર ૧૦૦૪ ટનનો સ્ટીલ બ્રિજ લોન્ચ કરાયો

અમદાવાદ, શુક્રવાર

અમદાવાદમાં બુલેટ ટ્રેન પ્રોજેક્ટનું કામ ઝડપથી આગળ વધી રહ્યું છે. આ પ્રોજેક્ટ હેઠળ શહેરના અનુપમ ફ્લાયઓવર પર ૮૦ મીટર લાંબો અને ૧૦૦૪ મેટ્રિક ટન વજન ધરાવતો વિશાળ સ્ટીલ બ્રિજ સફળતાપૂર્વક સ્થાપિત કરવામાં આવ્યો છે. 'મેક ઈન ઈન્ડિયા' હેઠળ આ બ્રિજ ભારતમાં જ તૈયાર કરાયો હતો.

## બુલેટ ટ્રેનના પ્રોજેક્ટે ગતિ પકડી : ગુજરાતના ૧૭માંથી ૧૫ સ્ટીલ બ્રિજનું કામ પૂર્ણ



અમદાવાદ-મુંબઈ બુલેટ ટ્રેન પ્રોજેક્ટ અંતર્ગત અમદાવાદના અનુપમ ફ્લાયઓવર ઉપર 'મેક ઈન ઈન્ડિયા' હેઠળ ભારતમાં તૈયાર થયેલો ૮૦ મીટર લાંબો અને ૧૦૦૪ મેટ્રિક ટન વજન ધરાવતા સ્ટીલ બ્રિજને સફળતાપૂર્વક સ્થાપિત કરવામાં આવ્યો છે. ગુજરાતમાં બુલેટ ટ્રેન માટે કુલ ૧૭ સ્ટીલ બ્રિજ બનાવવાના આયોજનમાંથી હવે ૧૫ બ્રિજનું કામ પૂર્ણ ગયું છે. આ પ્રગતિથી અમદાવાદ સહિત સમગ્ર ગુજરાતમાં બુલેટ ટ્રેન કોરિડોરનું નિર્માણ વધુ ઝડપથી આગળ વધી રહ્યું છે. પ્રોજેક્ટ પૂર્ણ થયા બાદ અમદાવાદથી મુંબઈ વચ્ચેની મુસાફરી હાલના સમય કરતાં ઘણી ઓછા સમયમાં પૂર્ણ કરી શકાશે. સાથે જ બંને શહેરો વચ્ચે ઝડપી રેલ સેવા ઉપલબ્ધ થશે.

**Gujarat Guardian, Surat, 18/07/2026**

**Page No: 4, Size: 20.29cm × 10.79cm**

A 1000-ton steel bridge 18 meters above the ground was built for the bullet train in Ahmedabad.


# અમદાવાદમાં બુલેટ ટ્રેન માટે જમીનથી 18 મીટર ઊંચે 1000 ટન સ્ટીલનો બ્રિજ સાકાર

**અમદાવાદ, તા.17**

અમદાવાદમાં અનુપમ ફ્લાયઓવર (રેલવે ઓવર બ્રિજ) પર 80 મીટર લાંબા 'મેક ઇન ઇન્ડિયા' સ્ટીલ બ્રિજના સફળ લોન્ચિંગ સાથે મુંબઈ-અમદાવાદ બુલેટ ટ્રેન પ્રોજેક્ટે વધુ એક નોંધપાત્ર એન્જિનિયરિંગ સીમાચિહ્ન હાંસલ કર્યું છે.

પશ્ચિમ રેલવે (સાબરમતી-વટવા વિભાગ)ની અમદાવાદ-મુંબઈ મુખ્ય લાઇન પર બાંધવામાં આવેલ અનુપમ ફ્લાયઓવર (રેલવે ઓવર બ્રિજ), ખોખરા એપેરલ પાર્ક મેટ્રો સ્ટેશન અને કાંકરિયા તળાવને જોડતી એક મહત્વપૂર્ણ રોડ લિંક છે. બુલેટ ટ્રેન વાયાડક્ટ આ રેલવે લાઇનની સમાંતર ચાલે છે.

અમદાવાદ જિલ્લામાં, બુલેટ ટ્રેન વાયાડક્ટનું નિર્માણ મુખ્યત્વે સ્પાન-બાય-સ્પાન (એસબીએસ) કન્સ્ટ્રક્શન પદ્ધતિનો ઉપયોગ કરીને કરવામાં આવી રહ્યું છે, જેમાં સામાન્ય સ્પાનની લંબાઈ 30 થી 50 મીટર સુધીની હોય છે. જો કે, અનુપમ ફ્લાયઓવર ક્રોસિંગ પર, થાંભલાઓને હયાત ફ્લાયઓવરની બંને બાજુએ ગોઠવવા જરૂરી હતા, જેના માટે 80 મીટરની વધુ લંબાઈવાળા સ્પાનની આવશ્યકતા ઊભી થઈ હતી.



## સમગ્ર બ્રિજને એસેમ્બલ કરવામાં આવ્યો: તમામ સલામતીના ધોરણોનું કડક પાલન કરીને બ્રિજને સાઈડ સ્લ્યુ કરવામાં આવ્યો

14 મીટરની ઊંચાઈ અને 14.4 મીટરની પહોળાઈ ધરાવતો 1,004 મેટ્રિક ટન વજનનો આ સ્ટીલ બ્રિજ મહારાષ્ટ્રના વર્ધા (નાગપુર)માં આવેલી ઝેટવર્કની મેન્યુફેક્ચરિંગ ફેસિલિટી ખાતે તૈયાર કરવામાં આવ્યો હતો, અને તેને બાંધકામના સ્થળે પરિવહન કરવામાં આવ્યો હતો. બ્રિજને એસેમ્બલ કરવા અને લોન્ચ કરવા માટે 10.8 મીટર x 140 મીટર માપની અને આશરે 1,110 મેટ્રિક ટન વજન ધરાવતી ખાસ ડિઝાઇન કરાયેલી કામચલાઉ લોન્ચિંગ વ્યવસ્થા ઊભી કરવામાં આવી હતી.

આ બ્રિજ જમીન સ્તરથી આશરે 18 મીટર ઉપર કામચલાઉ ટ્રેસ્ટલ્સ પર 18 સ્ટીક એરેન્જમેન્ટ્સ અને 35,602 ટોર્ક-શીયર ટાઇપ હાઇ સ્ટ્રેન્થ (ટીટીએચએસ) બોલ્ટનો ઉપયોગ કરીને એસેમ્બલ કરવામાં આવ્યો હતો, જે ઉચ્ચ માળખાકીય અખંડિતતા સુનિશ્ચિત કરે છે. માળખાની લાંબા ગાળાની ટકાઉપણું વધારવા અને કંપન નિયંત્રણ માટે તેને સી 5 પ્રોટેક્ટિવ પેઇન્ટિંગ સિસ્ટમ અને ઇલાસ્ટોમેરિક બેરિંગ્સ પૂરા પાડવામાં આવ્યા છે.

એસેમ્બલી પૂર્ણ થયા પછી, હાઇડ્રોલિક જેકનો ઉપયોગ કરીને કામચલાઉ લોન્ચિંગ સ્ટ્રક્ચર પર સમગ્ર બ્રિજને લંબાઈની દિશામાં લોન્ચ કરવામાં આવ્યો હતો. તમામ બાંધકામ અને સલામતી ધોરણોનું કડક પાલન કરીને જાહેર જનતાની સુરક્ષા સુનિશ્ચિત કરવા માટે સ્થાનિક સત્તાવાળાઓ પાસેથી મેળવેલા આયોજિત ટ્રાફિક બ્લોક દરમિયાન આ કામગીરી હાથ ધરવામાં આવી હતી. લંબાઈની દિશામાં લોન્ચિંગ કર્યા પછી, બુલેટ ટ્રેન વાયાડક્ટ સાથે તેનું ચોક્કસ અંતિમ સંરેખણ પ્રાપ્ત કરવા માટે બ્રિજને કાળજીપૂર્વક સાઇડ સ્લ્યુ કરવામાં આવ્યો હતો.

આ સિદ્ધિ સાથે, ગુજરાતમાં આયોજિત 17 સ્ટીલ બ્રિજમાંથી 15 બ્રિજની કામગીરી પૂર્ણ થઈ ગઈ છે. મુંબઈ-અમદાવાદ બુલેટ ટ્રેન કોરિડોર માટે એકંદર 28 સ્ટીલ બ્રિજનું આયોજન કરવામાં આવ્યું છે.

Divya Bhaskar, Ahmedabad, 18/07/2026
Page No: 2, Size: 23.73cm × 24.90cm

# Bullet Train Project: 1004 ton steel bridge installed on Anupam Bridge, 6 steel bridges to be built in the city

## બુલેટ ટ્રેન પ્રોજેક્ટ : અનુપમ બ્રિજ પર 1004 ટન વજનનો તોતિંગ સ્ટીલ બ્રિજ પ્રસ્થાપિત કરાયો, શહેરમાં 6 સ્ટીલ બ્રિજ બનશે



મુંબઈ-અમદાવાદ બુલેટ ટ્રેન પ્રોજેક્ટે અમદાવાદમાં વધુ એક મહત્ત્વપૂર્ણ એન્જિનિયરિંગ સિદ્ધિ હાંસલ કરી છે. ખોખરા એપેરલ પાર્ક અને કાંકરિયાને જોડતા અનુપમ ફ્લાયઓવર (રેલવે ઓવર બ્રિજ) પર 80 મીટર લાંબા અને 1,004 મેટ્રિક ટન વજનના 'મેક ઈન ઈન્ડિયા' સ્ટીલ બ્રિજનું સફળ લોન્ચિંગ કરવામાં આવ્યું છે. જમીનથી 18 મીટરની ઊંચાઈએ સ્થાપિત આ બ્રિજ 14 મીટર ઊંચો અને 14.4 મીટર પહોળો છે. મહારાષ્ટ્રના વર્ધા ખાતે નિર્મિત આ બ્રિજને એસેમ્બલ કરવા 35,602 હાઈ-સ્ટ્રેન્થ બોલ્ટ અને 1,110 મેટ્રિક ટનની ખાસ લોન્ચિંગ વ્યવસ્થાનો ઉપયોગ કરાયો હતો. અમદાવાદમાં 6 સ્ટીલ બ્રિજ બનવાના છે જેમાંથી 4 બની ગયા છે.